651

નવી બાબત–૨૦૦૮–૨૦૦૯
નવરચિત તાપી જિલ્લા માટે
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા)ની
નવી કચેરી શરૂ કરવા અંગે.
રુપિયા ૧૦.૨૭ લાખ.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ–૧૫૦૭–ન.બા.૩/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :– ૩૧/૩/૨૦૦૮

વંચાણે લીધોઃ– નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરનો તા.૧/૩/૦૮ નો પત્ર ક્રમાંકઃવિજાક–મકમ–૦૭–૦૮/૬૫૭ થી ૬૫૮

ઠ રા વઃ–

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તા.૨૭/૯/૦૭ ના જાહેરનામાથી સુરત જીલ્લામાંથી વિભાજન થઈ તાપી જિલ્લો અસ્તિત્વમાં આવેલો છે. વિકસતિજાતિ કલ્યાણ ખાતા ધ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી–વિમુક્તિ જાતિઓના ઉત્કર્ષમાટેની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. રાજયમાં ડાંગ જિલ્લા સિવાય ૨૪ જિલ્લાઓમાં જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી કાર્યરત છે. આ કચેરીઓ ધ્વારા વિકસતી જાતિ ખાતાની વિવિધ શૈક્ષણિક આર્થિક ઉત્કર્ષઅને આરોગ્ય વસવાટની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. તાજેતરમાં નવરચિત તાપી જિલ્લાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગઆર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતિ અને વિચરતી–વિમુક્ત જાતિના અરજદારોને વિકસતિ જાતિ કલ્યાણ ખાતાની વિવિધ યોજનાઓનો સરળતાથી લાભ મળે તે માટે તાપી જીલ્લા માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ) ની અલગ કચેરી ઉભી કરવી જરુરી છે. આ માટે રાજયની અન્ય જિલ્લાઓની કચેરીઓમાં અસ્તિત્વ ધરાવતા મહેકમ પ્રમાણે સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૨ ની– ૧ જગ્યા, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૩ની –૧– જગ્યા, હેડકલાર્કવર્ગ–૩ ની –૧– જગ્યા, સીનીયર કલાર્કવર્ગ–૩ સંવર્ગની એક જગ્યા અને પટાવાળા સંવર્ગની એક જગ્યા એમ કુલ–૫ (પાંચ) નવી જગ્યાઓ ઉભી કરવા માટે તેમજ નવરચિત તાપી જિલ્લા માટે એક ખાનગી વાહન ભાડે રાખવા માટે રુ. ૧૦.૨૭ (અંકે રુ. દશ લાખ સત્તાવીશ હજાર પુરા) ની નવી બાબતનો વિભાગના ૨૦૦૮–૦૯ ના અંદાજપત્ર પ્રકાશનના પાના નંબર–૧૮૯ માં સમાવેશ થયેલ છે. આ નવી બાબતને વહીવટી મંજુરી આપવાની દરખાસ્ત સંદર્ભમાં દર્શાવેલ તા. ૧/૩/૦૮ ના પત્રથી નિયામકશ્રી(વિ.જા.) ગાંધીનગરે કરેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(૯)

૨. સદરહુ બાબતે પુખ્ત વિચારણાના અંતે બજેટ જોગવાઈની મર્યાદામાં નીચેની વિગતે જગ્યાઓ ઉભી કરવા અને ભરવા વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | પગારધોરણ રુપિયા | સંખ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૨ | ૬૫૦૦–૧૦૫૦૦ | ૧ | ભરતી નિયમોનુસાર સીધી ભરતી / બઢતીથી ભરવાની રહેશે. |
| ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ–૩ | ૫૫૦૦–૯૦૦૦ | ૧ | ભરતી નિયમો નુસાર સીધી ભરતી/બઢતીથી ભરવાની રહેશે. |
| ૩ | હેડ કલાર્કવર્ગ–૩ | ૫૦૦૦–૮૦૦૦ | ૧ | ભરતી નિયમોનુસાર બઢતીથી ભરવાની રહેશે. |
| ૪ | સીનીયર કલાર્કવર્ગ–૩ | ૪૦૦૦–૬૦૦૦ | ૧ | ભરતી નિયમોનુસાર બઢતીથી ભરવાની રહેશે. |
| ૫ | પટાવાળા | – | ૧ | સા.વ.વિ.ના તા. ૩૦/૧૧/૦૬ ના ઠરાવની જોગવાઈ મુજબ માસિક રૂા. ૧૫૦૦/– ના ફીકસ પગારથી આઉટસોર્સીંગથી ભરવાની રહેશે. |
| | | કુલ:– | ૫ | |

આ જગ્યાઓ નીચે દર્શાવેલ શરતોને આધિન રહી ભરવાની રહેશે.

(૧) ફીકસ પગારથી ભરવાપાત્ર જગ્યાઓ ફીકસ પગારથી ભરતી વખતે નાણાં વિભાગના તા. ૧૬/૨/૦૬ ના તથા તા. ૧/૮/૦૬ ના સરખા ક્રમાંકના ઠરાવ ક્રમાંક–ખરચ/૨૦૦૭/૫૭/ઝ–૧ ના ઠરાવોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) સીધી ભરતીથી / બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમોનુસાર સીધી ભરતીના / બઢતીના ફાળે આવતી હોવાની શરતે સીધી ભરતીથી/ બઢતીથી ભરવાની મંજુરી આપવામાં આવે છે.

(૩) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નાણાં વિભાગના તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક–નપન/૨૦૦૩/જીઓઆઈ–૧૦/પી તથા તા. ૨૭/૯/૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંક–નપન/૨૦૦૬/જીઓઆઈ–૧૦(પા.ફા.)/પી ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે તથા વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણુંક પામેલ ઉમેદવારને લાગુ પડશે.

(૪) આ જગ્યાઓ ભરતી વખતે બેગલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રિમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે.

(૫) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારના પ્રવર્તમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઈ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૬) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુંસાર ઉમેદવારે નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૭) રાજય સરકાર ધ્વારા વખતોવખત નિયત થતો કાર્યભારણનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

(૮) આ અંગેનો ખર્ચનાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને તા.૧/૪/૨૦૦૮ પછી જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૯) પ્રથમ તબકકે આ જગ્યાઓ તા.૨૮/૨/૦૯ સુધી ઉભી કરવા મંજુરી આપવામાં આવે છે, ત્યારબાદ જગ્યાઓ વખતો વખત લંબાવવાની થાય તો નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરે સમય મર્યાદામાં વિભાગને દરખાસ્ત કરવાની રહેશે, દરખાસ્ત મળ્યે નાણાંસલાહકારશ્રીની મંજુરી મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે.

૩. નવરચિત તાપી જિલ્લા માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) ની નવી કચેરી માટે રૂપિયા ૫–૦૦ (રૂપિયા પાંચ) એક કીલોમીટરના દરે ૨૦૦૦ કીલોમીટરની મર્યાદામાં નીચે દર્શાવેલ શરતોને આધીન વાહન ભાડે રાખવાની મંજુરી આપવામાં આવે છે.

(૧) એક મહિનાના ૨૦૦૦ કીલોમીટરની મર્યાદામાં ૧(એક) કીલોમીટરના મહત્તમ પાંચ રૂપિયાથી ભાડુ વધે નહી તે રીતે આ મંજુરી આપવામાં આવે છે.

(૨) નિયામકશ્રી (વિ.જા) એ સુપ્રસિધ્ધ અખબારોમાં વાહન ભાડે મેળવવા અંગેના જાહેર નિવિદા બહાર પાડીને ઓછામાં ઓછા ત્રણ ટેન્ડરો મંગાવવાના રહેશે અને આવેલ ટેન્ડરો પૈકી ભાડાના સૌથી ઓછા ભાવ હોય તેવી એજન્સી પાસેથી વાહનો ભાડે મેળવવાના રહેશે, ભાડાના ભાવ સૌથી ઓછા ભાવ હોય તેવી એજન્સી સાથે ખાતાના વડાએ વાટાઘાટો કરીને ભાડાનાં ભાવમાં ઘટાડો કરી શકય હોય તેટલા કરકસરયુકત ભાવ નકકી કરવાના રહેશે. (એક કીલોમીટર પાંચ રૂપિયાથી વધવા ન જોઈએ તે ધ્યાનમાં લેવાનું રહેશે)

(૩) જે વાહન ભાડેથી મેળવવામાં આવે તે સારી હાલતમાં હોવા જોઈએ વાહન ભાડેથી મેળવતાં પહેલાં એજન્સી સાથે તે અંગેની બોલીઓ નિયામકશ્રી (વિ.જા)એ સુનિશ્ચિત કરી લેવાની રહેશે કે જેથી પાછળથી કોઈ વિવાદ ઉભો થાય નહી.

(૪) જે વાહન ભાડેથી રાખવા માટેનો જે ખર્ચથાય તે ખર્ચની રકમ ૨૦૦૮–૦૯ ના વર્ષના અંદાજપત્રમાં નવી બાબતની કરેલ અંદાજપત્રીય જોગવાઈઓમાંથી નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી રકમમાંથી મેળવવાની રહેશે. આ અંગે કોઈ વધારાની ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહી.

(૫) સીએનજી/ડીઝલ સંચાલીત નોન એસી વાહનોને ભાડે રાખવા અગ્રિમતા આપવાની રહેશે.

(૬) વર્ષ આખરે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.

(૭) બચત રહેતી રકમનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.

(૮) આ અંગેનો ખર્ચતા.૧/૪/૦૮ પછીથી કરવાનો રહેશે.

(૯) વાહનો ભાડેથી મેળવવાની જરુરી એવી ટેન્ડર પ્રક્રિયા ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ–૧૦૨૦૦૦–૨૪૦૭–છ માં દર્શાવ્યા પ્રમાણે ઈ– ટેન્ડરીગ પધ્ધતિ અનુસાર પણ આખરી કરવાની રહેશે.

૪. આ અંગે થનાર ખર્ચબજેટ સદર– ૨૨૨૫–અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગનુ કલ્યાણ–૦૩–પછાત વર્ગોનું કલ્યાણ–૦૦૧ નિર્દેશ અને વહીવટ–પેટા સદર–૦૩–બીસીકે–૧૨૭–સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની અલગ નિયામક કચેરી શરૂ કરવી– તમામ કક્ષાએ વહીવટ તંત્રને સંગીન બનાવવું–હેઠળની ૨૦૦૮–૦૯ ના વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગે તા.૨૫–૩–૦૮ ની નોંધથી આપેલ મંજુરી અન્વયે મહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.ડી.જાડેજા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
–મા.મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અગંત સચિવશ્રી
–મા.મંત્રીશ્રી (રા.ક) સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણના અંગત સચિવશ્રી
–નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
–એજીરાજકોટ/અમદાવાદ
–જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) ની કચેરી, તાપી જિલ્લો
–જિલ્લા તિજોરી અધિકારીશ્રી તાપી

–પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર
–સેકશન અધિકારીશ્રી ઝ–૧ શાખા નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–નાણા સલાહકારશ્રી (સા.ન્યાય અને અધિ.) નાણા વિભાગ,
–સેકશન અધિકારીશ્રી બજેટ શાખા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
–સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
–પસંદગી ફાઈલ
–નાયબ સેકશન અધિકારીશ્રી પસંદ ગી ફાઈલ.
ટીઆરવી–૦૭–૯૬